## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "વિશ્વ દૂધ દિવસ" અંતર્ગત ઓનલાઇન કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દેવાતજ દ્વારા તા. ૦૧.૦૬.૨૦૨૧, મંગળવારના રોજ "વિશ્વ દૂધ દિવસ" અંતર્ગત ઓનલાઇન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ જેમાં ડૉ. સુનંત કે. રાવલ, વેટરીનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી આણંદ મુખ્ય અતિથી તરીકે ઓનલાઇન હાજર રહ્યા હતા. તેમજ ઉપરોક્ત કાર્યક્રમમાં આણંદ જિલ્લાના ૫૨ જેટલા પશુપાલક ભાઇઓ તથા બહેનો જોડાયા હતા. સદર તાલીમ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એ.સી. વૈદ્ય દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન અને પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું. તેઓએ દૂધની અગત્યતા વિશે ચર્ચા કરી. ત્યારબાદ ડૉ. સુનંત કે. રાવલ, વેટરીનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી આણંદ દ્વારા સ્વચ્છ દૂધ ઉત્પાદન ઉપર પ્રવચન આપવાના આવ્યુ. તેઓએ જણાવ્યુ કે સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે જે જે પાયાની વાતો છે એનો અમલ કરશો તો દૂધમાથી વધારે આવક મેળવવાની શક્યતા છે. ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ પણ કરવામાં આવ્યું ત્યારબાદ કેન્દ્રના પશુપાલન વૈજ્ઞાનિક ડો. શ્રીકાંત બી. કાટોલે દ્વારા ઉનાળાની ઋતુમાં પશુઓની લેવાની કાળજી વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી. તેઓએ આ કોરોનાની મહામારીમાં બધા જ ખેડુત ભાઇઓ અને બહેનોને સાવચેતી ના પગલા લેવાનું તેમજ ઓછામાં ઓછુ એક ગ્લાસ દૂધ પીવાનું આહ્વાન કર્યું જેનાથી તેમને પૂરતા પોષક તત્વો મળી રહે અને તેમની રોગ પ્રતિકારક શક્તિ જળવાઇ રહે.

ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા અને વૈજ્ઞાનિકો દ્વારા સર્વેનો આભાર માન્યો. સદર કાર્યક્રમનું સફળ સંચાલન કેન્દ્રના પશુપાલન વૈજ્ઞાનિકડો. શ્રીકાંત બી. કાટોલે દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


SUNANT RAVAL is presenting
સ્વચ્છ દૂધ ઉત્પાદન
ડૉ. સુનંત રાવલ
પ્રાધ્યાપક અને વડા
મેડિસિન વિભાગ
વેટેરનરી કોલેજ,
આણંદ
Meeting details


SUNANT RAVAL is presenting
સ્વચ્છ દૂધ ઉત્પાદનના પાયાના સિધ્ધાંતો
Meeting details


SUNANT RAVAL is presenting
દૂધમાં જીવાણુંઓ કયાંથી પ્રવેશે છે.
દૂધાળા જાનવરના શરીરના બહારના ભાગો પરથી અને અંદરથી .
કોઢ / ગમાણ તેમજ વાતાવરણમાંથી.
દૂધ દોહવાના અને અન્ય વાસણોમાંથી.
દૂધ દોહનાર / હેરફેર કરનાર માણસોથી.
દૂધના સંપર્કમાં આવતા પાણીમાંથી.
Meeting details